**ક્રમાંક–૧૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**ગુરુવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૧૬મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૬ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૩થી ૧૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબના આંકડામાં વિસંગતતા અંગે**

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે આજની તારાંકિત પ્રશ્નોત્તરી યાદીમાના પ્રશ્ન અગ્રતાક્રમ અનુક્રમે ૭, ૨૭, ૭૪, ૮૪ અને ૯૬ના જવાબમાં રોજગારી આપવાના આંકડામાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતને સ્પષ્ટતા કરવાનું જણાવતા, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ જરૂરી વિગતો જરૂર જણાશે તો સુધારીને ટેબલ ઉપર મૂકવામાં આવશે તેમ જણાવ્યું.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન હબનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, હબની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૩) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૬) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૮–૧૯ અને સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આ ત્રણેય અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૭) સન ૨૦૧૩નું રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળનું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું તા. ૨૫/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ / ૨૦૨૩ / ૪ / એફસીએસસીએડી/ એમકેએમ/ઇ–ફાઇલ/૫/૨૦૨૨/૧૨૪૧/સી૧

**માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૦, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૦ કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ માગણી ક્રમાંક–૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮, માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ અને ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કિરીટકુમાર ચી.પટેલ
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) શ્રી ઇશ્વરસિંહ પટેલ
(૪) શ્રી કિશોર કાનાણી
(૫) શ્રી માનસિંહ ચૌહાણ
(૬) શ્રી અમૃતજી ઠાકોર
(૭) ડો.હસમુખ પટેલ
(૮) શ્રીમતી માલતી મહેશ્વરી
(૯) ડો. મહેન્દ્રભાઇ પાડલિયા

વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) ડો. દર્શના દેશમુખ
(૧૧) ડો. દર્શિતા શાહ
(૧૨) શ્રી હેમંતભાઇ આહિર
(૧૩) શ્રી જનકભાઇ તળાવિયા
(૧૪) શ્રી અભેસિંહ તડવી
(૧૫) શ્રી મેઘજીભાઇ ચાવડા
(૧૬) શ્રી ગોવિંદભાઇ પરમાર
(૧૭) શ્રી ચૈતરભાઇ વસાવા
(૧૮) શ્રી ગૌતમભાઇ ચૌહાણ
(૧૯) ડો.પાયલ કુકરાની
(૨૦) ડો. પ્રદ્યુમન વાજા

ત્યારબાદ ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને કાયદા વિભાગના માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

૫. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

માગણી ઉપરની ચર્ચામાં ભાગ લીધા પછી માનનીય સભ્યશ્રીઓએ મંત્રીશ્રીના જવાબ વખતે પણ હાજર રહી જવાબ સાંભળવો જોઇએ, તેવી માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

૭. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાએ સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૪–૨૭)

૮. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯, ૪૦ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર તા. ૧૭મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫–૧૯ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.